## શ્રી રતિલાલ ચંદરયા ગુજરાતીલેક્સિકન શિષ્યવૃત્તિ'

માતૃભાષા ગુજરાતીના સંવર્ધન અને સંચયન માટે સતત કાર્યરત ગુજરાતીલેક્સિકન દ્વારા તેના સ્થાપક શ્રી રતિલાલ ચંદરયાની સ્મૃતિમાં વર્ષ 2015થી **'શ્રી રતિલાલ ચંદરયા ગુજરાતીલેક્સિકન શિષ્યવૃત્તિ'** યોજનાની શરૂઆત કરવામાં આવી છે. રતિકાકાએ પોતાની જિંદગીના 25 કરતાં પણ વધુ વર્ષો માતૃભાષાની નિ:સ્વાર્થ સેવા પાછળ પસાર કર્યાં છે. એમની આ સેવાને આગળ વધારવાના એક ભાગ સ્વરૂપ જે વિદ્યાર્થી **'ગુજરાતી ભાષા'**ને મુખ્ય વિષય તરીકે પસંદ કરી એમ.એ. અથવા પી.એચ.ડી કરતા હોય તેવા હોશિયાર અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

આ શિષ્યવૃત્તિ શરૂ કરવા પાછળનો મુખ્ય આશય એવા વિદ્યાર્થીઓને મદદ કરવાનો છે કે જેઓ માતૃભાષામાં સઘન સંશોધન કરી માતૃભાષાનો વ્યાપ વધારવા ઉત્સુક છે; પણ આર્થિક સહાયતા ન હોવાને કારણે તેમ કરી શકે તેમ નથી. આથી ગુજરાતીલેક્સિકન દ્વારા આવા વિદ્યાર્થીઓને સહાયભૂત થવાના આશયથી એક નાનકડી પહેલ કરવામાં આવી છે.

આ અંતર્ગત અમે ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓ જેવી કે ગુજરાત યુનિવર્સિટી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, વિદ્યાનગર યુનિવર્સિટી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વગેરે યુનિવર્સિટીના ગુજરાતી વિભાગ સાથે જોડાઈને વર્ષ 2015માં કુલ 8 વિદ્યાર્થીઓ વચ્ચે 72000 રૂપિયાની શિષ્યવૃત્તિનું વિતરણ કર્યું હતું.

**દરેક યુનિવર્સિટીના એમ.એ. વિભાગ 1માંથી એક અને વિભાગ 2માંથી એક એમ કુલ 10 વિદ્યાર્થીઓ અને પી.એચ.ડીના કુલ 2 વિદ્યાર્થીઓ એમ કુલ 12 વિદ્યાર્થીઓ વચ્ચે કુલ 1,00,000 રૂપિયાની શિષ્યવૃત્તિનું વિતરણ કરવામાં આવે છે.** આ શિષ્યવૃત્તિની સહાય રકમ આગામી વર્ષોમાં વધારવામાં આવશે, જેથી વધુ વિદ્યાર્થીઓને આ શિષ્યવૃત્તિ હેઠળ આવરી શકાય.

**શિષ્યવૃત્તિ કુલ રકમ (વિદ્યાર્થી દીઠ) :**

- એમ.એ. પાર્ટ 1 – 7000 રૂપિયા
- એમ.એ પાર્ટ 2 – 7000 રૂપિયા
- પી.એચ.ડી – 15,000 રૂપિયા

**શિષ્યવૃત્તિ માટે નીચે જણાવેલા માપદંડ નક્કી કરવામાં આવ્યા છે :**

- બી.એ.માં ઓછામાં ઓછા 55% ગુણ આવેલા હોવા જોઈએ
- માસ્ટર ડિગ્રીમાં ઓછામાં ઓછા 55% ગુણ મેળવેલ વ્યક્તિ જ પી.એચડી સ્કોલરશિપ માટે લાયક ગણાશે
- કોઈ શિષ્યવૃત્તિ કે આર્થિક સહાય ન મળતી હોવી જોઈએ
- કુટુંબની વાર્ષિક આવક ત્રણ લાખ રૂપિયા કે તેથી વધુ ન હોવી જોઈએ

· પોતાનો અભ્યાસક્રમ અધૂરો નહીં છોડે અને પૂર્ણ કરશે, તેની બાંહેધરી વિદ્યાર્થીએ આપવી પડશે

· જો કોઈ વિદ્યાર્થીના સંદર્ભમાં તેના ઘરની રૂબરૂ મુલાકાત લેવાની જરૂર પણ પડે, તો તે લેવી

· સ્કોલરશિપ અંગેનો અંતિમ નિર્ણય પસંદગી સમિતિનો રહેશે

આ માપદંડ ધ્યાનમાં રાખીને વિવિધ યુનિવર્સિટીના 'ભાષાભવન' તરફથી જે યાદી અમને મળે છે તે યાદીમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓના દસ્તાવેજોનું પ્રથમ વેરીફિકેશન કરવામાં આવે છે. ત્યારબાદ વિદ્યાર્થીઓનું ફોન દ્વારા વેરિફિકેશન કરવામાં આવે છે અને જરૂર જણાય તો રૂબરૂ મુલાકાત પણ કરવામાં આવે છે. આ બધાને અંતે પસંદગી સમિતિ દ્વારા દરેક બાબતની ચકાસણી કરી શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીની યાદી જાહેર કરવામાં આવે છે.

**એક નવી પહેલ :**

વર્ષ 2016થી ભાષાભવન એટલે કે પી.જી વિભાગના વિદ્યાર્થીઓ ઉપરાંત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજમાંથી પણ એમ.એ અને પી.એચ.ડી કરતાં વિદ્યાર્થીઓને આ યાદીમાં સમાવવાનો અમે પ્રયાસ શરૂ કર્યો છે. આ માટે વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ ફૉર્મ 'ઓનલાઇન' ભરવાનું રહેશે અને જે જણાવ્યા છે તે બધા જ દસ્તાવેજો રજૂ કરવાના રહેશે. આવકના પ્રમાણપત્ર અંગેનો નમૂનો http://www.gujaratilexicon.com/uploaded/income_example.pdf ઉપર આપવામાં આવ્યો છે. આ ઉપરાંત કૉલેજના પ્રિન્સિપાલ અથવા ભાષાભવનના ગુજરાતી વિભાગના અધ્યક્ષ(એચ.ઓ.ડી)નો દસ્તાવેજની અને બધી માહિતીની ખાતરી આપતો પત્ર તેમના લેટરહેડ ઉપર હોવો જરૂરી રહેશે.

**ફૉર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ 10 સપ્ટેમ્બર 2016 છે.**

આ સંદર્ભે અમે આપને આ માહિતી

સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કૉલેજ કે જ્યાં એમ.એ. (ગુજરાતી વિષય)માં થતું હોય ત્યાંના વિદ્યાર્થી મિત્રો અને પ્રિન્સિપાલ સુધી પહોંચાડશો.

આ અંગેનો ઈમેલ અમે પિનાકિની બહેન પંડ્યાને મોકલાવેલ છે.

આ અંગે આપને ક્કોઈ પ્રશ્ન કે મુંઃઝવણ હોય તો આપ મારો નીચે આપેલ નંબર ઉપર સંપર્ક કરી શકો છો.

સંપર્ક : મૈત્રી શાહ (પ્રોજેક્ટ મેનેજર – ગુજરાતીલેક્સિકન)

મોબાઇલ : 9825263050 , ઑફિસ : 40049325